ગાંધીનગર સમાચાર

**કેપિટલ સ્ટેશન તરફ જવાના માર્ગનુ અસ્તિત્વ ભુસાયુ**



(તસવીર : કશ્યપ નિમાવત)

હેલ્મેટ પહેરો - જીવન બચાવો - પાટનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ફરજિયાત હેલ્મેટના નિયમની કડક અમલવારીના પગલે ઠેર ઠેર હેલ્મેટના વિક્રેતાઓ જામી પડ્યા છે... અમદાવાદ - ગાંધીનગર માર્ગ હોય કે, ગાંધીનગરના મુખ્ય માર્ગો હોય... દર અડધો કિલોમીટરના અંતરે હેલ્મેટ વેચાય છે... હેલ્મેટ માટેની ઝુંબેશ ૧૫ દિવસ સતત ચાલે તો ૭૦ ટકાથી વધુ વાહનચાલકો હેલ્મેટ પહેરતા થઈ જાય એમાં શંકાને કોઈ સ્થાન નથી...

# જિલ્લામાં ઉનાળુ વાવેતર આરંભાયુ

**૨૭૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર સંપન્ન**
**૪૦ હજાર હેક્ટરમાં ઉનાળુ વાવેતર થવાના અંદાજો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરનો આરંભ ખેડૂતોએ કરી દીધો છે તેમજ રવિ સીઝનના પાકોની લણણી માટેનું આયોજન પણ કરી લીધુ છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતર હાલ શરૂઆતના તબક્કામાં છે અને તે ૪૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થશે તેવા અંદાજો છે. જિલ્લામાં હાલ તો ઉનાળુ વાવેતર ધીમી ગતિએ આરંભાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ઉનાળુ મગફળી, ઉનાળુ બાજરી, તલ, જુવાર, ઘાસચારો અને શાકભાજીના પાકોનું વાવેતર થયું છે. આ સિઝનમાં ગુવાર, કઠોળ, મગ અને મકાઈ તેમજ અન્ય ધાન્ય પાકોનું પણ વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ઉનાળુ મગફળીનું ૧૩૭ હેક્ટરમાં ઉનાળુ બાજરીનું ૧ હજાર હેક્ટર વિસ્તારમાં, શાકભાજીનું ૭૯૦ હેક્ટરમાં, જુવાર ઘાસચારાનું વાવેતર ૬૭૦ હેક્ટરમાંમળી ૨૭૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યુ છે.

ઉનાળુ બાજરી અને શાકભાજીનું વાવેતર દહેગામ તાલુકામાં તેમજ ગાંધીનગર તાલુકામાં વધુ નોંધાયું છે. જોકે માણસા અને દહેગામમાં પણ સારૂ એવુ વાવેતર શાકભાજીનું થયાના અહેવાલો છે.

ઉનાળુ વાવેતરનું આગોતરૂ આયોજન ખેડૂતોએ કરી રાખ્યુ છે. તેમજ રવિસીઝનના તૈયાર થઈ ગયેલા પાકની લણણીનું કામ પણ ધીમી ગતિએ હાલ આરંભાયુ છે. જોકે આગામી પખવાડિયાથી તેમાં ગતિ આવશે તેમ ખેડૂતો સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે. આ માટે ખરાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં રવિસીઝનનું વાવેતર ૬૫ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થયુ હતુ તે ઉલ્લેખનીય છે.

# જિલ્લામાંથી રક્તપિત્તના બે કન્ફર્મ કેસ મળ્યા

**૧લીથી ૧૩મી ફેબ્રુઆરી દરમ્યાન હાથ ધરાયેલ સર્વેમાં ૧૩૮ શંકાસ્પદ દર્દી મળ્યા : જિલ્લામાં ૨૬ દર્દી છે : ૩ દર્દી પર સફળ પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવી : ૧૭ ચેપી રક્તપિત્તના દર્દી**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાંથી રક્તપિત્તના ૧૩૮ શંકાસ્પદ કેસો શોધવામાં આવ્યા છે. જેમાં ૨ દર્દીને રક્તપિત્ત હોવાનું કન્ફર્મ પણ થયુ છે. આ વર્ષે જિલ્લામાંથી ૨૬ દર્દીઓ રક્તપિત્તના શોધી કાઢવામાં આવ્યા છે.

રક્તપિત્ત દિવસની ઉજવણી અંતર્ગત રાજ્યના આરોગ્યતંત્રએ લો એન્ડેમિક જિલ્લા ગણાતા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ૧લી ફેબ્રુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી વિશેષ સર્વે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના છ જિલ્લાઓમાં આજે સર્વેની કામગીરી સંપન્ન થઈ છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦થી વધુ આરોગ્ય કર્મયોગીઓ દ્વારા નવ લાખથી વધુ લોકોનો સર્વે સંપન્ન કર્યો છે. જેમાં ૧૩૮ જેટલા શંકાસ્પદ દર્દીઓ શોધ્યા છે જેમના આગળના ટેસ્ટ હવે પછી થશે.

મળતી વિગતો પ્રમાણે ૨ દર્દી કન્ફર્મ મળ્યા છે જેમાંથી એક દર્દી કલોલ અર્બનમાંથી અને એક દર્દી દહેગામ પંથકમાંથી મળી આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ૨૬ દર્દીઓ નવા શોધવામાં આવ્યા છે. ૪૨ દર્દીઓને રોગમુક્ત કરવામાં પણ તંત્ર સફળ રહ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે ૨૬ દર્દીઓ છે તેમાં ૧૭ દર્દી ચેપી રક્તપિત્તના લક્ષણો ધરાવતા છે તો નવ દર્દીને

● અનુસંધાન પાન-૭ પર

# કેપિટલ સ્ટેશન તરફ જવાના માર્ગનુ અસ્તિત્વ ભુસાયુ

**રાત્રિના અંધારપટ્ટ વચ્ચે યાત્રિકોને દિશા સુઝતી નથી : અનેક રજુઆત છતા તંત્રના ચીફ અન્જિનિયર કોઇ પગલા લેવાતા નથી**

ગાંધીનગર તા ૧૩

કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અનેક રજુઆતોના અંતે સ્ટેશન પર રોજની ચાર ટ્રેઈનની અવર જવર શરૂ થતા યાત્રિકોને રેલ સુવિધા ઉપલબ્ધ થઈ છે. આમછતા સ્ટેશન પર યાત્રિકોલક્ષી જરૂરી સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. બીજીતરફ રેલવે સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ ખોવાઈ ગયો છે. બિસ્માર રસ્તા પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે રાત્રિના સમયે લાઈટની વ્યવસ્થા પણ ન હોવાથી અંધારપટ્ટ વચ્ચે યાત્રિકો અટવાય છે. રેલવે સ્ટેશનને અડીને કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે.ત્યારે રેલવે સ્ટેશનને જોડતા માર્ગનુ અસ્તિત્વ પણ જાણે ભુંસાઈ ગયુ છે. પાટનગર યોજના વિભાગના અધિકારીઓને પણ યાત્રિકોની હાલાકીનો અંત લાવવામાં જાણે રસ જ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે દાયકાઓની રજુઆતના અંતે નગરજનોને કેપિટલ સ્ટેશન પરથી ટ્રેઈન સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. એકબાજુ પાટનગરને નવી ટ્રેઈન ફાળવવા માટે કેન્દ્રીય મંત્રાલયને રજુઆતો કરવામાં આવી રહી છે. ત્યારે સ્થાનિક તંત્ર કક્ષાએથી પણ સ્ટેશન સંબંધિત નાના મોટા પ્રશ્નોની સતત ઉપેક્ષા થઈ રહી છે. વર્ષ દરમિયાન શહેરના રોડ નેટવર્ક પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરતા પાટનગર યોજના વિભાગ દ્વારા રેલવે સ્ટેશન તરફ જવાના રસ્તાનુ કામ હાથ ધરવામાં આવતુ નથી. ગત ચોમાસા દરમિયાન આ માર્ગ પર મોટુમસ ગાબડુ અસ્તિત્વમાં આવતા વિભાગના અધિક્ષક ઈજનેર સ્થળ પર દોડી આવ્યા હતા. પરંતુ આ ઘટનાના અંતે પણ તંત્રની આંખ ન ઉઘડતા હાલ પણ સ્ટેશન તરફ જવાનો માર્ગ શોધવો પડે તેવી સ્થિતિ છે. રાત્રિના ૧૨:૩૦ કલાકે સ્ટેશન પર આવતી ટ્રેઈનના યાત્રિકોએ પણ અંધારપટ્ટ વચ્ચે કઈ દિશામાં જવુ તેનો ખ્યાલ આવતો નથી. આ મામલે માર્ગ મકાન વિભાગના ચીફ એન્જિનિયર સમક્ષ પણ અનેક રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.

# બોર્ડ પરિક્ષાને અનુલક્ષી આગામી ૧૬મીએ સ્થળ સંચાલકોની ડી.ઈ.ઓ. સાથે બેઠક

**પરિક્ષાલક્ષી આયોજન અંગે પરામર્શ કરાશે**

ગાંધીનગર તા ૧૩

આગામી માર્ચ મહીનાથી ધોરણ ૧૦ અને ૧૨ ની બાર્ડ પરિક્ષાનો પ્રારંભ થશે. જયારે જિલ્લામાંથી ૫૦ હજારથી વધુ પરિક્ષાર્થીઓ બોર્ડની પરિક્ષા આપશે. પરિક્ષાને ધ્યાને લઈ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી તા ૧૬ ફેબ્રુઆરીના રોજ પરિક્ષાને અનુલક્ષી સ્થળ સંચાલકો તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જિલ્લાના બાકી રહેતા ૩૦ ટકા પરિક્ષા સ્થળોને પણ સી સી ટીવી કેમેરાની વોચ હેઠળ આવરી લેવા માટે સુચના આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાંથી અંદાજિત ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની કસોટી આપશે. પરિક્ષાને અનુલક્ષી આગામી તા ૧૬ ફેબ્રુઆરીના રોજ સ્થળ સંચાલકોની બેઠક યોજવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી તેમજ બોર્ડના અધિકારીઓની હાજરીમાં સ્થળ સંચાલકોની બેઠક યોજાશે.જિલ્લાના ૪૦ કેન્દ્રો તેમજ ૧૪૩ પરિક્ષા સ્થળો પર પરિક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરિક્ષા દરમિયાન કોઈપણ ઠેકાણે ગેરરીતી ન થાય તે માટે તમામ ઠેકાણે સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવાશે જયારે આ મામલે બાકી રહેતા પરિક્ષા સ્થળોને પણ આવરી લેવા માટે શિક્ષણ તંત્ર દ્વારા સુચના આપવામાં આવશે.

# તાંત્રિક વિભાગોમાં મદદનીશ ઈજનેરોની જગ્યા બિન રાજ્યપત્રિત દરજ્જામાં ફેરવવા વિચારણા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકાર હસ્તકના તાંત્રિક વિભાગોમાં મદદનીશ ઈજનેર સંવર્ગની જગ્યાઓ બિન રાજ્યપત્રિત દરજ્જામાં ફેરવવા માટેની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

પાણી પુરવઠા જળસંપત્તિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર હસ્તકના પાણી પુરવઠા જળસંપત્તિ કલ્પસર અને માર્ગ મકાન વિભાગ જેવા તાંત્રિક વિભાગોમાં ઈજનેરોની ખાલી જગ્યાઓ અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સમીક્ષા દરમ્યાન સરકારના ધ્યાન પર એવુ આવ્યુ હતુ કે તાંત્રિક વિભાગોમાં ઈજનેરોની ખાલી જગ્યાઓને તાંત્રિક કામગીરી ઉપર વિપરીત અસર પડે છે.

તાંત્રિક વિભાગોમાં આ ખાલી જગ્યાઓ ભરાઈ અને રાજ્યના સેવા આયોગની કામગીરીનું ભારણ પણ ઘટે તે માટે રાજ્ય સરકારે તાંત્રિક વિભાગો ઈજનેરોની ભરતી પ્રક્રિયા ઝડપથી થાય તે માટે હવે મદદનીશ ઈજનેરોની જગ્યાઓ બિન રાજ્યપત્રિત દરજ્જામાં ફેરવવા માટેની દિશામાં કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા મદદનીશ ઈજનેરોની જગ્યાઓ બિન રાજ્યપત્રિત દરજ્જામાં ફેરવવા માટેની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે અને આગામી ટુંક સમયમાં આ અંગેની એક દરખાસ્ત રાજ્ય સરકારને કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# મંજુરી ન મળતા રઈસનું શૂટિંગ અટકાવાયું

અમદાવાદ, તા.૧૩

શાહરુખ સાથે રઈસ સાથે નામ જોડાયું ત્યારથી એક પછી એક નવા નવા વિવાદ ઉભા થઈ રહ્યા છે. આવું જ કંઈક અમદાવાદ શહેરના ઐતિહાસિક સરખેજના રોજામાં રઈસના શુટીંગ માટે પુરાતત્વ વિભાગની મંજૂરી લેવામાં ન આવી હોઈ શુંટિગ અટકાવતા શાહરુખને શુટિંગ કર્યા સિવાય જ પેકઅપ કરી દેવું પડ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે, અભિનેતા શાહરુખ આ અગાઉ જ્યારે રઈસના શુટીંગ માટે ભુજ પહોંચ્યા હતા. તે સમયે અસહિષ્ણુતા મામલે તેણે કરેલા નિવેદનના પરિણામે સ્થાનિકો દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. ભુજમાં વિરોધબાદ કિંગખાન આજરોજ અમદાવાદના ઐતિહાસિક એવા સરખેજના રોજામાં રઈસના શુટિંગ માટે પહોંચ્યો હતો.


સીઝનમાં ભરવાલાયક દરેક પ્રકારના
નવા ચોખા તથા
કોલ્હાપુરી ગોળ મળશે
ગુજરાત ૧૭ | જીરાસર | લચકારી કોલમ
દાવત બાસમતી | રેશમ બાસમતી
કોહીનુર બાસમીત | પરી બાસમતી
નવી તુવેરદાળ
ઘનશ્યામ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૩૮૬, પી.એન.બી. બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૧૭૫૩૬

વિશ્વા મંડપ ડેકોરેટર્સ
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
● પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
● અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
● શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮






॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ક્રિષ્ના ફર્નિચર એન્ડ પ્લાય
રાજેશભાઈ 9687433766
પરષોત્તમભાઈ 9904162608
હરેશભાઈ 9879604963
ધમાકા ઓફર
આખાય ઘરનું ફર્નિચર ફક્ત : 30,999/-
● ડબલબેડ ● મેટ્રેસ, ઓસીકા ● વોલ ડ્રેપ ● ટીપોઈ ● સોફા
પેથાપુરમાં ૪૦૦૦ સ્કેવેર ફુટ બેઝમેન્ટમાં વિશાળ અને અદ્યતન શો રૂમ
શોપ નં. ૧૧૩/૧૨૪, મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, પેટ્રોલપંપ ની બાજુમાં, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર.






ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com